ગાંધીનગર સમાચાર

તા. ૨૮-૧-૨૦૧૨, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### રાષ્ટ્રને સાબદું રાખવાની હાલક

ચોસઠમા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ છેલ્લા છ દાયકા દરમિયાન દેશે કરેલી પ્રગતિ વિશે સંતોષ વ્યકત કરતાં ઉમેર્યું હતું કે આગામી દસ વરસમાં ભારત હરણફાળ ભરશે અને સાઠ વરસમાં જેટલી પ્રગતિ કરી છે એથી વધારે તે આવનારાં દસ વરસ દરમિયાન કરનાર છે. રાષ્ટ્રપતિએ ભારતની ભવ્ય વૈદિક સંસ્કૃતિનો હવાલો આપી માતૃત્વનાં વિવિધ સ્વરૂપોનો ઉલ્લેખ કર્યો અને દિલ્હીના બહુચર્ચિત બળાત્કાર કાંડથી એ ભવ્ય સાંસ્કૃતિક વારસાને બટ્ટો લાગ્યો હોવાની વ્યથા રજૂ કરી. બીજી તરફ સરહદ પર વિદેશી ઘુસણખોરો અને આંતકવાદી તત્ત્વોને પ્રોત્સાહન આપી ભારતીય સૈનિકો પર ધૃણાસ્પદ હુમલો કરનારા પાડોશી દેશને પણ ગર્ભિત ચેતવણી આપતાં એમણે આપણી સહનશીલતાને હળવાશથી નહીં લેવાની વાત કરી. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહાસત્તા બનવા થનગની રહેલા મહાન રાષ્ટ્ર સામે અનેક પડકારો છે, એની પણ આપણે નોંધ લેવી જ રહી. વિકાસદર વધ્યો છે, અનાજના ગંજ ખડકાંતા આપણે એની નિકાસ કરતા થયા છીએ. આપણી સૈન્ય શક્તિમાં નિરંતર વધારો થતો રહ્યો છે. પ્રજાસત્તાક દિન નિમિત્તે યોજાયેલી પરેડમાં આઈ.ઍન.ઍસ. વિક્રમાદિત્યનું મોડલ અને ૫૦૦૦ કિ.મી. સુધીની પ્રહારશક્તિ ધરાવતી અગ્નિ મિસાઈલનું પ્રદર્શન થયું. તે દેશ અને દુનિયાએ જોયું છે. આપણી સરહદો સામે કોઈ આંખ ઊંચી કરવાની હિંમત કરી શકે એમ નથી. પરંતુ, આપણામાં અને આપણા પડોશી દેશોમાં સંસ્કારિતાના મુદ્દે આભ-જમીનનું અંતર છે. ભારત કયારેય કોઈને કારણ વગર પરેશાનીમાં મૂકવામાં માનતું નથી. ઊલટાનું એ તો પાડોશી રાષ્ટ્રો સાથે અને સમગ્ર વિશ્વ સાથે મૈત્રી અને સંવાદિતા જાળવવા માગે છે. પરંતુ સાથે જ એ પણ સાચું છે કે ભારતનાં પાડોશી રાષ્ટ્રોમાં આ પ્રકારની ખાનદાની નથી. તેથી જરૂર પડ્યે ઈંટનો જવાબ પથ્થરથી આપવાની તૈયારી સાથે આપણે રાષ્ટ્રપિતાના અહિંસા અને સત્યના માર્ગે આગળ વધવાનું છે. છેલ્લાં વર્ષો દરમિયાન ભારત વિશ્વની અગ્રિમ અણુ તાકાત બની ચૂક્યું છે. પરંતુ આપણી તાકાત કોઈને પીડવા કે ડરાવવા દબાવવા માટે નથી. આપણે હરહંમેશ શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનું જ પ્રતિપાદન કરીએ છીએ. પ્રજાસત્તાક રાષ્ટ્ર પાસે વિશ્વની સૌથી મોટી યુવા સંપદા છે. આ યુવાધનને યોગ્ય દિશામાં વાળવાની જરૂર છે. ગુજરાત દેશના પ્રગતિશીલ રાજય તરીકે વિકાસનું મોડેલ બની શકે એમ છે. જો આપણા રાજકીય પક્ષો અને નેતાઓ શક્તિનો સમન્વય કરે તો ભારત એકવીસમી સદીની દુનિયાનું નંબર - વન રાષ્ટ્ર બનવાની તમામ લાયકાત ધરાવે છે. રાષ્ટ્ર દેવતાનાં ચરણોમાં નતમસ્તકે એક જ પ્રાર્થના કે એ દરેક ભારતીય નાગરિકને જરા જુદી રીતે વિચારતાં શીખવે : દેશે મારા માટે શું કર્યું તે કરતાં મેં દેશ માટે શું કર્યું તે વધુ મહત્વનું છે.

### સે-૨૪ પ્રાથમિક શાળા ખાતે પ્રજાસત્તાક દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૭

સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૪ પ્રજા સત્તાકદિનની ઉજવણી શાળા નં.૧માં કરવામાં આવી હતી. કોર્પોરેટર સુરેશભાઈ મહેતાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આચાર્યા ઉષાબેન, ભૂતપૂર્વ શિક્ષકો, શાળા પરિવાર અને વાલીઓએ હાજરી આપી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. મતદાન દિવસ યોજાયેલ હરિફાઈના ઈનામ પણ આપવામાં આવ્યાં હતા.

# જેના મન સાથે તારૂણ્ય છે તે તરૂણ છે : નારાયણ દેસાઈ

## સાદરા ખાતે અંતિમ ગાંધીકથાનો શુભારંભ : વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટ્યા

ગાંધીનગર, તા. ૨૭

મહાત્મા ગાંધીજીના પ્રેરણાત્મક જીવન કર્મોને પ્રત્યક્ષ નિહાળનાર અને સત્ય, અહિંસા, સદાચાર અને સાદગીના મૂલ્યોને જીવનમાં ઉતારનાર એવા શ્રદ્ધેય નારાયણભાઈ દેસાઈએ સાદરા મુકામે ઐતિહાસિક ૧૦૮મી ગાંધીકથાની શરૂઆત ત્રિવિધ પ્રમાણ સાથે કરી. ગાંધીજીના જીવન મૂલ્યોને પ્રદર્શિત કરવાની પ્રેરણા આપનાર પરમાત્માને પ્રથમ પ્રણામ, જે જીવનના ઉચ્ચ આદર્શો રાખીને જીવ્યા છે તે મહાત્માને દ્વિતીય પ્રણામ અને લોકાત્મારૂપે સામે બેસીને સાંભળનાર દર્શકોને, શ્રાવકોને તૃતીય પ્રણામ સાથે ગાંધીકથાનો પ્રારંભ થયો હતો. તેમણે કથાના કેન્દ્રમાં તરૂણો છે તેમ દર્શાવીને કહ્યું કે,





'તરુણો એટલે શરીર અને ઉંમરથી જુવાન નહીં પણ જેનો મનની વૃત્તિ સાથે તારુણ્યનો સંબંધ છે તે...! એટલે કે મનથી જે જવાન છે તે જે તારે છે તે તરુણ...!! આવતીકાલને જે સારી કરવા માંગે છે તે તરૂણ. આ ૮૮ વર્ષનો સેવક પણ પોતાની જાતને તરુણ માને છે.'

ગાંધીનગર જિલ્લાના સાદરા મુકામે આવેલી ગૂજરાત વિદ્યાપીઠના પટાંગણમાં ૨૬મી જાન્યુઆરીએ બપોરે ૧ કલાકે વિદ્યાપીઠના ઉપકુલપતિ શ્રી સુદર્શન આયંગર, કુલ સચિવ રાજેન્દ્ર ખીમાણી, કૃષ્ણકાન્ત જહા, સરપંચ મહેશભાઈ (લાલભાઈ) અને પ.પૂ. નારાયણભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય અને મહેમાનોનું વક્તવ્ય યોજાયું હતું. આ પ્રસંગે સાદરા ગામ અને તેની આસપાસના ૪૦ જેટલા ગામડાના ગ્રામજનો, અમદાવાદ ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, રાંધેજા ગૂજરાત વિદ્યાપીઠ પરિવાર ખાસ ઉપસ્થિત રહ્યો હતો અને ગાંધી કથાના પ્રસંગોને સહૃદય માણ્યા હતા.

### તરણ એટલે...

તરુણ એટલે જે કાંટામાં ફૂલ જુએ તે... પુષ્પની સાથે રહેલા ફુલને નહીં પણ કાંટાને જોઈ નિરાશ થતાં, દુ:ખી થતો વ્યક્તિ વૃદ્ધ છે પણ જે વ્યક્તિ કાંટા-મુશ્કેલીમાં પણ ફૂલના દર્શન કરે તે તરુણ છે.

શ્રદ્ધેય નારાયણભાઈ દેસાઈએ પોતાના તાત્વિક પ્રવચનમાં ગાંધીનાં બે વચનો દર્શકો - શ્રાવકોને જણાવ્યા એક તો, 'ગાંધી કહેતા કે મર્યા પછી પણ કબરમાં શાંત રહેવાનો નથી અને તમને શાંત રહેવા દેવાનો નથી.' અને બીજુ કે, 'હું તમારા સૌમાં થોડો થોડો આવીશ.' ગાંધી ભગવાન ન હતા પણ આપણા જેવા જ સામાન્ય માણસ હતાં. છતાં તેમણે સત્યને વળગી રહ્યા. આદર્શ ગુણોને જીવનમાં ઉતાર્યા એટલે તે ભગવાન જેવા આદરને પાત્ર બન્યા. વ્યક્તિ જો સત્યને વળગે તો તે ત્યાં સુધી પહોંચી શકે છે. ગાંધીજી તેનું ઉત્તમ ઉદાહરણ છે. ગાંધીજી વિચારે તેવું જ બોલે અને બોલે તેવું જ આચરણ કરતાં. સત્યનિષ્ઠ હતા. ગાંધીજીનું સૌથી મોટું પ્રસાર માધ્યમ તેમનું જીવન હતું. 'મારું જીવન એ જ મારો સંદેશ' બીજું મુખોપમુખી હતા અને ત્રીજું આંદોલન.

ગાંધીકથાના પ્રથમ દિવસે ગાંધીજીના બાલ્યકાળની માત્ર ઝાંખી કરાવી તેમના ઉત્તમ જીવન આદર્શો અને જીવન જીવવાની વિશેષતાને નારાયણભાઈ દેસાઈએ તારુણ્ય સાથે વણી લઈ સમગ્ર કથામાં વ્યક્તિમાંથી મહાત્મા સુધીના તેમના ગુણો, માધ્યમોને સુંદર શબ્દાવલી અને દૃષ્ટાંત દ્વારા રજૂ કર્યા હતા. આ સાથે તેમણે ખેડા જિલ્લાના દેથલી ગામે થયેલી પ્રથમ ગાંધીકથાથી લઈને દેશ, વિદેશ અને સમાજના જુદા જુદા વર્ગોમાં યોજાયેલી ગાંધી કથાનું સાચું અને ગુણાતિબોધ કથન કર્યું હતું. વિદેશમાં એક માણસે તેમના હાથને પકડી રાખી ગાંધીજીના સ્પર્શના સ્પંદનો અનુભવ્યાની ઈકવાડોરની પણ વાત કરી ગાંધી પ્રતિષ્ઠાનું ગૌરવ બતાવ્યું હતું. તેમણે નોંધ્યું કે આજ સુધી દરેક કથામાં સઘળું સામ્ય નથી રહ્યું. ક્યાંક કશુંક બદલાયું છે. આ વખતની કથામાં ધૂન અને પ્રતિભાવને ઉમેરાયા છે તેની પણ વાત કરી હતી.

### સાચું સ્પંદન

વિદેશમાં ગાંધીકથા પછી એક ભાઈ, મારો (નારાયણભાઈ દેસાઈ) હાથ મિલાવવા આવ્યા. મેં પણ હાથ મિલાવ્યો, ઉમળકા સાથે...! તે પણ તેટલા જ ઉમળકાથી આવ્યા, હાથ પકડ્યો. મિલાવ્યો પણ છોડે નહીં. ત્યાંની ભાષા હું સમજું નહીં તેથી મેં તેને થેન્ક્સ કહ્યું. તે પણ કંઈક કહી રહ્યો હતો. મેં ફરી કહ્યું થેન્ક યુ, તેણે માથું હલાવ્યું. તેણે મારો હાથ બે હાથથી પ્રેમથી જકડ્યો. મેં ફરી થેન્ક યુ કહ્યું, પણ તેણે હાથ ન છોડ્યો. મેં હાથ છોડાવવા પ્રયત્ન કર્યો પણ તે છોડે જ નહીં. મેં ફરી કહ્યું થેન્ક યુ, થેન્ક યુ પણ તે તો હાથ છોડે જ નહીં. છેલ્લા દુભાષિયો આવ્યો. મેં તેને કહ્યું આ ભાઈ, મારી ભાષા સમજે છે, હું તેમને થેન્ક યુ, થેન્ક યુ કહું છું છતાં હાથ છોડતાં નથી ! શા માટે ? તેમણે કહ્યું, 'તમે બાપુ સાથે રહેલા છો, તેમની આંગળી પકડી છે, સાથે ચાલ્યા છો, બાળપણમાં ગાંધીબાપુએ તમારા ખભે હાથ મુકેલો છે. તમારા ખભે હાથ મુકીને બાપુ ચાલતા ચાલતા આશ્રમે - પ્રાર્થના મંદિરે ગયા છો. એ ગાંધી બાપુનો સ્પર્શ તમારા શરીર ઉપર છે તેના સ્પંદનો આજેય પણ તમારા શરીરમાં રહેલા છે અને આ વ્યક્તિ તમારા હાથ પકડીને, ગાંધી બાપુના સ્પર્શને એ સ્પંદનોને અનુભવી રહ્યો છે...!!!'



સાહેબ, આ વખતે 'મારા ગરીબ દેશવાસી' શબ્દથી ભાષણની શરૂઆત ન કરશો... બધુ ક્રાઉડ લકઝુરીયસ ગાડીઓ લઈને ભાષણ સાંભળવા આવ્યા છે...!

### વહાણવટીમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી

વહાણવટી વિદ્યાલયમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના સંચાલક ગિરીશભાઇએ ધ્વજ વંદન કરાવ્યું હતું. રાષ્ટ્રગીત, ઝંડા ગીત, દેશભક્તિ, શૌર્ય ગીતો રજૂ કરવામાં આવ્યા હતા. રમતગમતના વ્યાયામનાં દાવ કરવામાં આવ્યા હતા. મનિષભાઇ પ્રજાપતિએ સંચાલન કરેલ હતું.

### સેકટર-૬માં શહીદ દિને ગાંધીકથા યોજાશે

શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવ, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ, જયોતિ મહિલા મંડળ પેન્સનર સમાજ સેકટર-૬ અને માનવ સેવા મંડળ ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે ૧૫મી ગાંધીકથા તા. ૩૦મી જાન્યુઆરીએ શહીદ દિનના દિવસે બપોરે ૩ વાગે ચંદ્રમૌલેશ્વર મહાદેવનાં મેદાનમાં યોજાશે. વક્તાશ્રી કનુભાઇ દવે ગાંધીકથાનું રસપાન કરાવશે.

### મુબારકપુરમાં પ્રજાસત્તાક દિન ઉજવાયો

ક્રિસ્ટલ સાયન્સ કોલેજ, ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ, સંસ્કાર મંગલ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે મુબારકપુરમાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા રમતોત્સવના વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત થયા હતા.

ડાહ્યાભાઇ પટેલના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આચાર્યએ બાળકોને સારા નાગરિક બનવાની શીખ આપી હતી. આચાર્ય જી.ડી. પટેલે પણ આઝાદી માટે બલિદાન વિષ માહિતી આપી હતી. શ્રીમતી જયોત્સનાબેન રાવલ, શરદભાઇ તથા ભાવિકભાઇ એ ઉજવણી કાર્યક્રમ અંગે મહેનત કરી હતી.

### આદર્શ નિવાસી શાળા ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

આદર્શ નિવાસી કુમારશાળા અનુજન જાતિ સેકટર-૭ ગાંધીનગર ખાતે પ્રજા સત્તાકદિને સેકટર-૭ વસાહત મંડળના પ્રમુખ લાલુભા રાહુભા વાઘેલાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. રમતગમત તથા અન્ય પ્રવૃત્તિઓનાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ લાલુભા વાઘેલા અને વસાહત મંડળના મહામંત્રી કાળુભાઇ દેસાઇના હસ્તે કરવામાં આવ્યું હતું.







અમારી શાળામાં તા. ૨૬-૧-૨૦૧૩ને શનિવારના રોજ સવારે ૮ કલાકે એક જનજાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. આ રેલી શાળાના પટાંગણમાંથી શરૂ થઇ સેક્ટર-૬/એ, ૩/ડી, ૩/એ, ૩/ન્યુ, ૩/બી, ૩/સી, ૪/ડી, ૪/એ, ૪/બી, ૪/સી થઇ સેક્ટર-૬માં પરત સ્કુલમાં આવી હતી. આ રેલીમાં શાળાના બાળકો દ્વારા પર્યાવરણ, ગ્લોબલ વોર્મિંગ, સ્ત્રીભ્રૂણ હત્યા, પાણી બચાવો, વ્યસન મુક્તિ, સાક્ષરતા અભિયાન વગેરે વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. ત્યાર શાળા ખાતે એક ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવીણભાઈ પટેલના હસ્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખવામાં હતો. જેમાં ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલ, શ્રીમતી ભાવનાબા વાઘેલા, શ્રીમતી પીન્કીબેન પટેલ, શ્રી નામદેવભાઈ વર્સાત, શ્રી હર્ષજિત પંડ્યા, શ્રી અશોકભાઈ શ્રીમાળી, શ્રી જયદીપસિંહ ઠાકોર વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ચિનગારી કોઈ ભડકે તો સાવન આગ બુઝાયે સાવન જો આગ લગાયે તો ઉસે કૌન બુઝાયે?...

### સમાજ ચિંતન

\- પોપટલાલ એસ. પ્રજાપતિ

આમ તો કહેવાય છે કે દીકરી એટલે વહાલનો દરીયો, દીકરાઓના સ્વાર્થીપ્રેરીત સંબંધોની શરમ કથાઓ સાંભળી કેટલીકવાર માથું શરમથી ઝુંકી જાય છે. પણ કળિયુગ એની ચરમસીમા પર હોય ત્યારે શું દીકરા કેશું દીકરી? સૌના મન હવે કલુષિત થવા માંડ્યા છે. કળિયુગની અસરમાંથી કોઈ બચી શકે તેમ નથી. માટે હવે કહેવું પડે કે સબંધોમાં જ્યારે સ્વાર્થી ભળે ત્યારે સ્વાર્પણની બાદબાકી થઈ જાય છે. લાગણીના દરીયા પણ કયારેક સુકાવા માંડે છે. વાત છે ગાંધીનગરના એક છેવાડાના સેકટરની ૧૫૦ મીટરના બંગલામાં સવિતાબેન અને સુંદરલાલ (બંને નામ બદલેલ છે) એકલા રહેતા હતા કારણ કે તેમની ચારેય દીકરીઓ ઉંમર લાયક થતાં પરણાવી દીધેલી. ત્રણ પુનામાં રહે અને એક અમદાવાદમાં. સુંદરલાલ સચિવાલયમાં ફરજ બજાવે અને સવિતાબેન શિક્ષિકા તરીકે સેવા બજાવે. વિશાળ બંગલામાં આ સારસ બેલડી કિલ્લોલ કરે. દામ્પત્યજીવનની પ્રસન્નતા આધેડ ઉંમરેય એવી ને એવી. સમયનું ચક્ર અવિરત પણે ચાલ્યુ અને સુંદરલાલ ૫૮ વર્ષે વય નિવૃત્ત થયા. અને નિવૃત્તના ત્રીજા જ વર્ષે સુંદરલાલ પત્નિને અલવિદા કરી પ્રભુને પ્યારા થયા.

સવિતાબેનના જીવનરથનું એક પૈડું તૂટ્યું. રથ ખોડંગાયો. સવિતાબેનને વિશાળ બંગલો ભેંકાર લાગવા માંડ્યો. પણ નાની દિકરી અઠવાડિયે કે ૧૫ દિવસે આવી મમ્મીની ખબર અંતર પૂછી જતી. પણ ન્પછી તો તેનેય ગાંધીનગર આવવું આકરું લાગવા માંડ્યું. તેણે સવિતાબેનને સમજાવ્યા મમ્મી, આવડા મોટા બંગલામાં તું એકલી રહે તેના કરતાં આ ઘર વેંચીને મારી સાથે રહેવા આવીજા.. હા...ના... કરતાં સવિતાબેન છેવટે સંમત થયા. કરમની કઠણાઈ અહિંથી શરૂ થઈ. મકાનના દલાલે ઘર વેંચી આપવામાંય ૭ લાખની કટકી કરી નાથી. ભોળા મનના માનવીને લુટારાઓ સહેલાઈથી મળી જાય છે. વિશાળ બંગલો ખાલી કરતાં સવિતાબેનની આંખો ભીંજાઈ ગઈ. પણ જીવન સંધ્યાએ આયુષ્યનો સુરજ અસ્તાયળ ભણી જાય તો બાકીનું આયખું હેમખેમ પસાર થઈ જાય એમ માની સવિતાબેને દીકરીની સાથે રહેવા અમદાવાદ જવા પ્રયાણ કર્યું. પોતે શિક્ષિકા હતા એટલે જીંદગીના સરવાળા બાદબાકીનું જ્ઞાન તો હતું જ. બંગલો વેચ્યો તેની રકમમાંથી ભવિષ્યમાં દિકરીઓના અવસર કરવા તેમણે સોનુ ખરીદી લીધઉં. પેન્શનમાંથી આરામથી ગુજારો થઈ શકશે અને દીકરીને બોજારૂપ પણ નહીં થવાય એમ માની તેમણે દીકરી સાથે રહેવા મન મનાવી લીધું. થોડો સમય બધું હેમખેમ ચાલ્યું પણ દીકરી પોતાની જમાઈ તો પારકાને? એકવાજ જમાઈરાજે સાસુમાને જણાવ્યું હવે તમે ઘરે છો પછી નોકરાણીની શી જરૂર છે? ધીમે ધીમે આખો દિવસ ઘરકામ કરજો તમારો ટાઈમ પણ જાય એને શરીર પણ સારું રહે... અને સવિતાબેન શિક્ષિકા મટી હવે નોકરાણીની ભૂમિકા અદા કરવા લાગ્યા. દિકરીની ભાણઈને સ્કુલમાં લેવા મુકવા જવું, રસોઈકામ, કચરા પોતું , વાસણ બધું સવિતાબેનને માથે આવી પડ્યું. કારણ કે દિકરી ટ્યુશન કરતી હતી એટલે તેને ટાઈમ રહેતો નહી. રડતા હૈયે સવિતાબેન આ જવાબદારી નિભાવતા હતા. પણ હવે તેમનું શરીર કથળવા માંડ્યું. ઘરકામ થઈ શકતું નહીં. વારંવાર તબિયત બગડવા લાગી એટલે જમાઈ રાજે હુકમ કર્યો બા, હવે તમારા બંગલામાં ઉપરના માળે ભાડેથી રહો, ભાડાના ફકત રૂા. ૨૫૦૦ આપવાના. આમેય તમારે પેન્શન તો આવે છે પછી ચિંતા શું? સવિતાબેનની આંખે અંધારા આવી ગયા. હૃદયના ધબકાર વધી ગયા. બી.પી.નો આંક ઉંચે જવા માંડ્યો. આંખમાંથી ટપકતા આંસુને સાડીના પાલવથી લૂંછી સ્વસ્થ થઈ બોલ્યા ભલે કુમાર... જેવી તમારી મરજી અને કોણ જાણે દીકરને શું લાચારી હતી કે તેનેય મમ્મીની મિલકતમાં રસ જાગ્યો હોય. ગમે તે કારણ હોય પણ તેણે આ બાબતમાં મૌન રહેવાનું પસંદ કર્યું. સમાજની એ કરુણા છે કે બધા સગાએ વહાલા નથી હોતા અને જે વહાલા હોય છે તે સગા નથી હોતા. માણસ સંબંધો એટલા માટે જાળવે છે કે જીવનની એકલતામાં કયાંક ખોવાઈ ન જવાય. પરંતુ સમાજ શું કહેશે તેની ચિંતામાં પારકાને હૈયે વળગાડી શકાતા નથી કે પોતાનાને અળગા કરી શકાતા નથી. જીવનના ઉત્તરાર્ધમાં અંગો શિથિલ થવા માંડે ત્યારે કોઈ ટેકણ લારડીની જરૂર પડે જ. પણ ટેકણ લાકડી જ કેમ કરીને મંડાય? સવિતાબેને થોડો સમય સ્વમાનના ભોગે પણ જેમ તેમ કરીને પસાર કર્યો. પણ હવે તેમના હૈયે હામ નહોતી રહી, જીગરમાં જોમ નહોતું. મન મક્કમ રાખે પણ અનાયાસે આંખમાંથી આંસુ ટપકી પડતા. આ આંસુ લુછનાર કોઈ હતુ નહી સિવાય કે સાડીનો પાલવ. સાડીનો પાલવ હંમેશા વેદનાને છુપાવવાનું કામ કરતો હતો. આમેય જીવતા જીવો જ્યારે નામકકર જાય ત્યારે સાડીના ચીંથરા કયારેક સ્ત્રીની લાજ ઢાંકે છે. સવિતાબેન પોચા હૃદયના અને અત્યંત લાગણીશીલ હતા. પરંતુ હવે નિર્બળતા કયાં પોસાય તેમ હતી? તેમણે મન મક્કમ કર્યું. તેમને ઘરડાઘરમાં જવાનું યોગ્ય ન લાગ્યું એમ કરવામાં દીકરીઓ વગોવાય અને આયખું લાજે. મનોમંથન બાદ તેમણે નક્કી કર્યું કે દીકરીઓના અવસર માટે જે સોનું ખરીદી રાખ્યું છે વેંચી એકાદ નાનું ઘર લેવું જેમાં સ્વમાનભેર રહી તો શકાય? જમાનાની થાપટો ખાઈ ખાઈને સવિતાબેન હવે તો ઘડાઈ ચુક્યા હતા. તેમણે સોનુ વેચી અમદાવાદમાં બે રૂમ રસોડાનો ફલેટ લીધો. ઘરકામ કરવાનો તો આમેય તેમને અનુભવ થઈ ચુક્યો હતો. સવિતાબેન દર મહિને પેન્શન લેવા ગાંધીનગર આવે છે કોઈવાર સેકટરમાં પોતાના પાડોશીને ત્યાં મળવા જાય અને દૂરથી પોતાનો જૂનો બંગલો જુએ કે આંખમાંથી ઝળઝળીયા આવી જાય. જુના સ્મરણો તાજા થાય. સમી સાંજે પતિ સાથે બેસી હિંચકે ઝુલતા એ દશ્ય જાણે આંખો સમથી ફિલમના દશ્યની જેમ પસાર થઈ જાય. કોઈ પૂછે સવિતાબા દિકરીના ઘરે તમારે તો મજા જ મજા હશે. પણ સવિતાબા જબાન ખામોશ રાખી અંતરથી પોકારી ઉઠે

'આપ ગૈરોંકી બાત કરતે હૈ, હમને અપને ભી આજમાયે હૈ,
લોગ કાંટો સે બચકર ચલતે હૈ, હમને ફુલોંસે ચોટ ખાઈ હૈ'